Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-4, March-2021

# વેદાંતોમાં વર્ણિત પંચકોશોનું વૈજ્ઞાનિક વિવેચન

**ડો.ભારતસિંહ એસ. ડામોર**

**(સંસ્કૃત વિભાગ અધ્યક્ષ) એસ.કે.યુ.બી.સમિતિ (ડભોઇ) આર્ટસ એન્ડ શ્રીમતી એન.સી.ઝવેરી કૉમેર્સ કોલેજ પીપળીયા, તા.વાઘોડીયા, જિ. વડોદરા bsdamor72@gmail.com**

સારાંશ:

વૈદિક સાહિત્યએ ભારતીય દાર્શનિક સાહિત્યનું ઉદગમસ્થાન છે. વૈદિક સાહિત્યના અંત ભાગમાં અવતા ઉપનિષદોને વેદાંત કહેવાય છે. વેદાંતોમાં જીવ, જગત તથા જગદીશ્વરના સ્વરુપની મીમાંસા કરવમાં આવી છે. વેદાંતમાં દેહના અકળ રહસ્યોની વિચારણા કરવામાં આવી છે. ઉપનિષદોમાં જણાવ્યા પ્રમાણે જીવના શરીરના સ્થૂલ, સૂક્ષમ અને કારણ એવા ત્રણ પ્રકાર પડવામાં આવ્યા છે. સુક્ષમ શરીર એક જ હોવાં છતાં ત્રણ આવરણો જેવું કામ કરે છે, તેથી કુલ પાંચ આવરણ થાય છે. તલવારની મ્યાન સમાન હોવાથી આ આવરણ કહેવાય છે. જેમ મ્યાનમાં રહેવાથી તલવાર જોવાતી નથી,તેમ શરીરનિર્મિત પંચકોશની અંદર આત્મા ભાસીત થતો નથી. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય વગેરે પંચકોશો છે.જે અન્નરસથી બને છે, અન્નરસથી વૃદ્ધિ પામે છે અને અન્નરૂપ પૃથ્વીમાં લિન થઈ જાય છે તે અન્નમય કોશ છે. તે જ સ્થૂળ શરીર છે.પ્રાણ,અપાન, વ્યાન, ઉદાન અને સમાન વગેરે પાંચ વાયુનો અને વાણી વગેરે પાંચ કર્મેન્દ્રિયોથી પ્રાણમયયકોશ બને છે.મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળીને મનોમયકોશ બને છે. બુદ્ધિ અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળીને વિજ્ઞાનમયકોશ બને છે.તે મનથી અધિક સૂક્ષમ છે. કારણ શરીરને આનંદમય કોશ કહેવાય છે. શુક્ષ્મ અને સ્થૂલ શરીરનો હેતુ હોવાને કારણે તેને કારણ શરીર કહેવાય છે. તે સુખની પ્રચુરતાના કારણે આનંદમય કોશ કહેવાય છે. આ અવિદ્યાજનીત છે અને સુષુપ્તાવસ્થામાં પણ આપણે એમાં જ સ્થિતિ રહીયે છીએ. આ બુદ્ધિથી વધારે સુક્ષમ તથા તેમાં અંતવ્યાપ્ત આત્મા હોય છે.

આનંદમય કોશ પર બીજું આવરણ બુદ્ધિનું હોય છે. તેની સાથે તદાકાર થવાથી આપણને આત્મજ્ઞાન થાય છે. આના પર મનનું આવરણ પડવાથી સુખ-દુઃખ વગેરેનો અનુભવ થાય છે. એના પર પ્રાણમયકોશના આવરણથી ભૂખ, તરસ વગેરેનો અનુભવ થાય છે. અન્નમયકોશ એના પર અંતિમ આવરણ છે. એના પરથી આપણે પોતાને સ્ત્રી, પુરુષ, સ્થૂલ,પાતળાં, બ્રાહ્મણ, શૂદ્ર વગેરે સમજવા લાગીએ છીએ. આત્મજ્ઞાન માટે આ બધા તૃટીપૂર્ણ અનુભવો થાય છે. જેમ જમીન પરથી પાંદડાં દૂર કરવાથી ઘાસ દેખાય છે, તેમ કોશોનું આવરણ દૂર થવાથી આત્મદર્શન થાય છે. જેમ કટક, કૂડલ, ઘર વગેરે આપણાથી ભિન્ન હોય છે.

તેમ મારું શરીર, પ્રાણ, બુદ્ધિ વગેરે આત્માથી ભિન્ન છે. આ રૂપમાં ભાસીત થતા પંચકોશ વગેરે પણ આપણાથી ભિન્ન છે. જેમ જાણવાની વસ્તુ અને જાણનાર ભિન્ન હોય છે, જેમ ઘડો અને ઘડાને જોનાર બંને ભિન્ન હોય છે. તેમ શરીર, પ્રાણ, મન વગેરે આત્માથી અલગ છે. ત્રણ શરીર, પંચકોશ વગેરે અને એમાં અનુભવ થવાવળાં રાગ-દ્વેષ ,ભૂખ-તરસ વગેરે હું નથી, આ બધું અનાત્મ છે. આનંદમય કોશનો આનંદ શુદ્ધ આનંદ નથી પરંતુ અવિદ્યાની ઉપાધિમાં આ પ્રિય મોદ ભાસીત થાય છે. લૌકિક સુખ વૃત્તિજન્ય છે, જ્યારે આત્મ સુખ નિર્વૃત છે.

**(અ) પૃષ્ઠભૂમિ:**

વૈદિક સાહિત્યના અંત ભાગમાં આવતા ઉપનિષદોને વેદાંત કહેવાય છે. ઉપનિષદોમાં જીવનના તત્વોની જ્ઞાનપરક મીમાંસા કરવામાં આવી છે. માનવતન અત્યંત મૂલ્યવાન તથા પુરુષાર્થ પ્રાપ્તિનું પરમ સાધન છે. દેવોને દુર્લભ આ માનવદેહથી સ્વર્ગ અને મોક્ષના દ્વાર ખોલી શકાય છે. – 'जन्तूनां नरजन्म दुर्लभ मतः।'– विवेकचूडामणि-૨ માનવ શરીરનો મહિમા તથા તેના રહસ્યને પામવા વૈદિક ઋષિઓથી માંડીને સાંપ્રતકાલીન વૈજ્ઞાનિકોએ ભારે જહેમત ઉઠાવી છે. પંચમહાભૂતોથી નિર્મિત આ માનવદેહમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર આંતરિક ઇન્દ્રિયો છે. પાંચ તન્માત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) પાંચ ઇન્દ્રિયો (કાન, નાક, જીભ, આંખ અને ચામડી) પાંચ કર્મેન્દ્રિયો (વાણી, હાથ, પગ, જનનેન્દ્રિય અને ગુદા) પાંચ વાયુ (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન) સપ્તધાતુ (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર) પાંચ કોષ (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય) સત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણો તથા સંવેદનાઓ તેમજ કામ ક્રોધાદિ આસુરી અને પ્રેમ, દયા, કરુણા વગેરે દેવી ભાવથી ભરપુર છે. કપિલ મુનિ તથા તેના અનુયાયીઓ ઉપરોક્ત વર્ણિત ૨૪ તત્વોથી યુક્ત દેહને પ્રકૃતિ તરીકે ઓળખાવે છે તથા આદિ શંકરાચાર્ય દેહના સંચાલન બળ ને આત્મા (પુરુષ) તરીકે ओળખાવે છે. જેમકે–चिदानंद रूपः शिवोहम शिवोहम् । જીવ, જગત તથા ઈશ્વરના પરમ રહસ્યોને ઉકેલવાનો પ્રયત્ન પ્રાચીન ચિંતકો થી માંડીને આધુનિક વૈજ્ઞાનિકો માટે જિજ્ઞાસાનો વિષય રહ્યો છે. દેહ અને દેહીના રહસ્યોને પામવાનો પ્રયત્ન ઋષિઓ તથા વૈજ્ઞાનિકો માટે સંશોધનનો વિષય રહ્યો છે. પરંતુ બંનેની અભિવ્યક્તિઓ અલગ-અલગ છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય અનાયાસે જ પ્રાકૃતિક રીતે થાય છે. અથવા ત્રણેય કલાના નિયામક સ્વયં પરમાત્મા છે. આ વિષય પર બંનેના મતો ભિન્ન-ભિન્ન છે. વૈદિક વિજ્ઞાન જીવસૃષ્ટિને સ્વેદજ (એક કોષીય સૂક્ષ્મ જીવો) ઉદભિજ (સેવાળ, ફૂગ, છોડ, વૃક્ષ વગેરે) અંડજ (કરોડરજ્જુ વિનાના-નોન વર્ટીબ્રેટ તથા માછલી, ઉભયજીવી, સરીસૃપ વગેરે વર્ટીબ્રેટ) જરાયુજ-યોનિજ (ગર્ભમાંથી ઉત્પન્ન થનારા) જીવો એમ ચાર ભાગમાં વિભાજિત કરે છે. જ્યારે આધુનિક વૈજ્ઞાનિકો જીવોનું વિભાજન પ્રથમ એક કોષીય ત્યારબાદ બહુકોષી જીવોમાં તથા વનસ્પતિ, જંતુઓ તેમજ જંતુઓમાં પણ વર્ટીબ્રેટ અને નોનવર્ટીબ્રેટમાં વર્ગીકૃત કરે છે. પરંતુ જીવ કે ચેતનાના વિકાસની બાબતમાં બંનેમાં ઘણી

સમાનતા જોવા મળે છે. વેદાંતમાં ચેતના કે જીવને પરમાત્માનું સ્વરૂપ માનવામાં આવ્યું છે—

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा।

कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च॥

—

श्वेताश्वतरोपनिषत् ६-११

અર્થાત્— બધા પ્રાણીઓમાં રહેલો એક દેવ છે, તે સર્વવ્યાપક છે, સર્વ ભૂતોનો અંતર આત્મા છે. કર્મોનો અધિષ્ઠાતા છે. સર્વ પ્રાણીઓમાં વસેલો, સર્વનો સાક્ષી, બધાને ચેતન આપનારો, શુદ્ધ અને નિર્ગુણ છે. 'દેકાર્ત'ના જણાવ્યા પ્રમાણે શરીર અને ચેતના વચ્ચે ખૂબ મોટું અંતર છે, શરીર વિભાજીત છે, જ્યારે ચેતના હંમેશા અવિભાજિત છે. ચેતનાની આ વિશેષતા વૈજ્ઞાનિકો માટે સંશોધનનો વિષય છે.એવું માનવામાં આવે છે કે આપણી મસ્તિષ્કની કોશિકાઓમાં ભિન્ન-ભિન્ન સંદેશાઓની આપ-લે થાય છે. વૈજ્ઞાનિકોના માટે નવાઈનો વિષય એ છે કે વિભિન્ન કોશિકાઓમાં વિભાજિત વ્યવસ્થા કેવી રીતે એકતા દ્વારા આપણા સમગ્ર અસ્તિત્વની અનુભૂતિ કરાવે છે. અહીં ચોક્કસપણે એ શક્તિ તરફ ઈશારો થાય છે કે જે આ વ્યવસ્થાની પ્રેરક અને નિયામક છે. ઉપનિષદોમાં જણાવ્યા પ્રમાણે ચેતના યા પરમસત્તાના પાંચકોશ (આવરણ) અને સોળ કલઓ બતાવવામાં આવી છે. પરમસત્તા કે ચેતના પાંચકોશથી આચ્છાદિત છે, જેમ નાળિયેરનું ફળ છોતરાં, કઠણકોચલું અને કોપરાથી સ્વાદિષ્ટ જળ અને બીજ રક્ષાયેલાં હોય છે. તેમ ચેતના કે જીવ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય પાંચકોશ (આવરણો) વાળો છે. તેવી જ રીતે આ પરમપુરૂષ કે ચેતના 'षोडश कलाः' અર્થાત્— સોળ કળાનો અર્થ વિભાગો અથવા ઘટકો થાય છે. આ સોળ કળાઓ કે ઘટકો આ પ્રમાણે છે. પહેલું ઘટક પ્રાણ છે. આત્માનો એ પ્રથમ પ્રકટીકરણ છે. ત્યાર બાદ પંચમહાભૂતો અને એના પછીનો આવિષ્કાર શ્રદ્ધા છે, ત્યાર પછી પાંચ જ્ઞાનેન્દ્રિયો જેમાં મન, પૌરુષ, તપ, વેદ, યજ્ઞો, લોકો અને એનાં નામો પ્રકટ થાય છે. જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે બધી વસ્તુઓ પોતાના મૂળ કારણમાં સમાઈ જાય છે. પ્રશ્નોપનિષદમાં જણાવ્યા પ્રમાણે—

स प्राणमसृजत प्राणाच्छ्राद्धां खंवायुज्योतिराप: पृथिवीन्द्रियं मनः।

अन्नमन्नाव्दीयँ तपो मन्त्राः कर्म लोका लोकेषु च नाम च ॥

—प्रश्नोपनिषद् ६।४

અર્થાત્— એ પુરુષોએ (સગુણ બ્રહ્મે) હિરણ્યગર્ભનું (પ્રાણાત્માનું) સર્જન કર્યા પછી એ હિરણ્યગર્ભમાંથી શ્રદ્ધા પ્રગટ થઈ અને એ શ્રદ્ધામાંથી આકાશ ઉદભવ્યું, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ, જળમાંથી પૃથ્વી અને પૃથ્વીમાંથી ઇન્દ્રિય અવયવો પ્રગટ થયાં, ત્યાર પછી એણે મનને પ્રગટ કર્યું પછી અન્નમાંથી વીર્ય, તપ, વેદો, યજ્ઞો, સ્વર્ગ વગેરે લોકો અને ત્યાર પછી એ લોકોની જુદી-જુદી કક્ષાઓ પ્રમાણેનાં ઓળખાણ સૂચક નામો પ્રકટ

કર્યા. આ સોળ ઘટકોને સોળ કળાઓ તરીકે ઉપનિષદો ઓળખાવે છે.

૧. અન્નમય કોશ:-

ઉદભિજ—જમીનને ભેદીને બહાર આવનાર વનસ્પતિઓમાં ઉપનિષદોના જણાવ્યા પ્રમાણે અન્નમયકોષની સાથે એક કલાનો વિકાસ થાય છે.

अस्यैषा समष्टिः स्थूलशरिरम् अन्नविकारत्वात्
अन्नमयकोशः ।

स्थूलभोगायतनत्वाच्च स्थूलशरिरम् जाग्रदिति
च व्यपदिश्यते ॥

–

सदानंदप्रणित वेदांतसार – १०८

અર્થાત્– આ (વૈશ્વાનર કે વિરાટ)ના આ સ્થૂલ શરીરરૂપ સમષ્ટિને (વિશ્વને) તે અન્નનો વિકાર હોવાને લીધે (અને કોષની જેમ આત્માને ઢાંકતું હોવાને લીધે) "અન્નમયકોશ" તથા સ્થૂળ ભાગોનો આધાર હોવાને લીધે તેને 'સ્થૂલશરીર' તથા જાગ્રત કહેવાય છે. અન્નમયકોશ પૃથ્વી, જળ, વાયુ, તેજ તથા આકાશ પંચમહાભૂતો થી બનેલો હોય છે, માત્ર એક કલા (ઘટક)નો વિકાસ થવાના કારણે એમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો હોય છે. પરંતુ તમોગુણથી ઘેરાયેલો હોવાના કારણે તેમાં વિશેષ જાગૃતિ જોવા મળતી નથી. આધુનિક વિજ્ઞાન પણ વનસ્પતિઓમાં જ્ઞાનેન્દ્રિયો હોવાની વાત સ્વીકારે છે. લજામણી, સૂરજમુખી અને માંસાહારી વનસ્પતિઓમાં તો જ્ઞાનેન્દ્રિયોનું વિકસિત સ્વરૂપ વધારે સ્પષ્ટરૂપે જોવા મળે છે.

સ્થૂલ શરીરોની સમષ્ટિ એજ 'અન્નમયકોશ' કહેવાય છે. કારણ કે તેમાં માતા-પિતા દ્વારા ખાઈને પચવેલા અન્નથી ઉત્પન્ન થાય છે. તેમજ પોષણ મેળવે છે. તે સ્થૂલ ભાગોનો આધાર હોવાથી 'સ્થૂલ શરીર' કહેવાય છે. જેમ જાગ્રત અવસ્થામાં પ્રાણી સ્થૂલ વિષયોનો અનુભવ કરે છે તેમ અહીં જીવ કરે છે, માટે તે જાગ્રત છે, શંકરાચાર્ય ઇન્દ્રિયો દ્વારા વિષયોની પ્રાપ્તિ અને જાગ્રત અવસ્થા કહી છે.

**૨. પ્રાણમય કોશ :-**

પાંચ કર્મેન્દ્રિયો તથા પાંચ વાયુઓના મિલનથી પ્રાણમયકોષ બને છે. પ્રાણમયકોશને ક્રિયાશક્તિ યુક્ત માનવામાં આવે છે. સ્વેદજ-પરસેવા, ગંદકી વગેરેમાંથી ઉત્પન્ન થનારા જૂ, મચ્છર, માંકડ આદિ યોનિઓમાં અન્નમયકોશની સાથે પ્રાણમયકોશ અને ઉદ્ભિજ યોનીથી અલગ એકના બદલે બે કલાઓનો વિકાસ થાય છે. અધ્યાત્મ વિજ્ઞાનમાં સ્વેદજ યોનિમાં એકકોષીય જીવોની સાથે બહુકોષીય જીવોને પણ મુકવામાં આવ્યા છે. બીજા અર્થમાં કહી શકાય કે જેમનું પ્રજનન પોતાના વિભાજનથી થાય છે, તેઓ ઠંડી-ગરમી વગેરે સ્વશત્રુઓનો જે રીતે સામનો કરે છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે તેમની અંદરના નાભિકીય પદાર્થોમાં જ્ઞાનેન્દ્રિયોનો વિકાસ વધારે થાય છે. વેદોના વિવેચનથી સ્પષ્ટ કહી શકાય કે ઋષિઓના મતાનુસાર સ્વેદજ યોનીનો અર્થ માત્ર એક કોશિય સજીવો જ નથી, પરંતુ એવા સૂક્ષ્મ પરજીવીઓ છે, જે પોતાનું ભોજન બીજા પ્રાણીઓના શરીર માંથી મેળવે છે. આ શ્રેણીના જીવોની કર્મેન્દ્રિયો ઉપરાંત તંત્રિકાઓનાં ગુચ્છકોનો પણ વિકાસ થયેલો હોય છે. જે કર્મેન્દ્રિયોના આદેશાનુસાર

ભોજન તથા ગતિ જેવા જટીલ કાર્યોને નિયંત્રિત કરે છે.

**૩. મનોમય કોશ:-**

ઉપનિષદોમાં જણાવ્યા પ્રમાણે જ્ઞાનેન્દ્રિયો તથા મન મળીને મનોમય કોશ બને છે, આ કોષ ઇચ્છાશક્તિ વાળો હોય છે, પ્રાણમય કોષ તથા મનોમય કોષના મિલનથી સૂક્ષ્મ શરીર બને છે. અંડજ યોનિમાં અન્નમયકોષ તથા પ્રાણમયકોષો, મનોમયકોષ તથા ત્રણ કળાઓનો વિકાસ થયેલો હોય છે. મનોમનકોષ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ તથા આદેશનો બનેલો હોય છે. મનોમયકોશમાં મન, ભાવ-સંવેદનાઓનો સમાવેશ થાય છે. અહીં પ્રેમ, ધૃણા, લાલચ, હિંસા, મૈથુન વગેરે મહત્વના ભાવો હોય છે. આધુનિક શરીર વિજ્ઞાનની દ્રષ્ટિએ પક્ષીઓ, શરીસૃપ જીવો અને માછલીઓમાં મગજનો ઘણો વિકાસ થયેલો હોય છે. પોત પોતાની પરિસ્થિતિ અનુસાર વર્તન કરવા માટે તેમનામાં સેરીબેલમ, સેરીબ્રહ્મ અને બ્રેઈનસ્નેમનો વિકાસ થઈ ચૂક્યો હોય છે. આ યોનિઓમાં ચેતનાનો વિકાસ તેમના મનોભાવોને પ્રગટ કરવાની ક્ષમતા પ્રદાન કરે છે.

**૪. વિજ્ઞાનમય કોશ:-**

જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિ મળીને વિજ્ઞાનમયકોશ બને છે. આ કોશ જ્ઞાન અને શક્તિવાળો હોય છે. બુદ્ધિ અને મનથી ઉપહિત ચૈતન્ય " હું કર્તા છું, હું ભોક્તા છું, હે દુઃખી છું, હું સુખી છું." એમ અભિમાન ધારણ કરે છે. પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય કોશોના સમુદાયોને 'લિંગ શરીર' કહેવાય છે. જરાયુજ યોનિ એટલે કે સસ્તન પ્રાણીઓ ચેતનાની દ્રષ્ટિએ સૌથી વિકસિત હોય છે. એમાં પણ બે વર્ગો જોવા મળે છે. પ્રથમ વર્ગમાં એવાં સસ્તન પ્રાણીઓ જેમનામાં અન્નમય કોશ, પ્રાણમય કોશ તથા મનોમય કોષનો અને વિજ્ઞાનમય કોશની સાથે ચાર કલાઓનો વિકાસ થયેલો હોય છે. શ્રદ્ધા, સત્ય, યોગ અને મહ: એ વિજ્ઞાનમય કોશના અવ્યવો છે. તેમનો સંબંધ સૂક્ષ્મ કે લિંગશરીરની સાથે છે. વિજ્ઞાનમય કોષવાળા જવોમાં સ્મૃતિની સાથે વિવેક શક્તિનો વિકાસ થયેલો હોય છે. વ્હેલ, ડોલ્ફિન, ચિમ્પાન્જી, ઉરાંગ-ઉટાંગ વાનર જેવા પ્રાણીઓમાં બુદ્ધિનો વિકાસ થયેલો હોય છે. હાથીની યાદશક્તિ તથા સમજશક્તિ ખૂબ જ સારી હોય છે. સસ્તન પ્રાણીઓના માથાં આકારમાં મોટા તથા જટિલ હોય છે, તેનું સેરીબ્રમ મોટા અને કેટલાક વલયોવાળા કોર્ટેકસથી ઢંકાયેલું હોય છે. મધ્ય મગજ યાની સેરીબેલમએ વધારાના સેન્ટરનું કામ કરે છે. અભ્યાસ દ્વારા એનામાં બુદ્ધિનો વિકાસ થઈ શકે છે, જેમકે હાથી, વાઘ, સિંહ કે વાનરને તાલીમ આપીને તેને સર્કસ વગેરેમાં પ્રદર્શિત કરી શકાય છે.

**૫. આનંદમય કોશ:-**

વેદાંતમાં જણાવ્યા પ્રમાણે સમષ્ટિ અજ્ઞાનને 'કારણ શરીર' કહે છે. કારણ કે તે સમગ્ર સૃષ્ટિનું કારણ છે. તેને જ આનંદમય કોશ કહે છે. કારણ કે તે આનંદમય ચૈતન્યનો કોષ-ઢાંકનાર બને છે. તેને સુષુપ્તિ પણ કહેવાય છે, કેમ કે સૃષ્ટિ પ્રલયકાળમાં તેમાં લીન થઈ જાય છે તેથી તેને ' સ્થૂલ સૂક્ષ્મ પ્રપંચ લય સ્થાન' પણ કહે છે. આ સમષ્ટિ અજ્ઞાનથી ઉપહિત

ચૈતન્યને ઈશ્વર કહેવાય છે. સર્વસત્વ, સર્વનિયન્તૃત્વ, સર્વેશ્વરત્વ વગેરે ગુણોથી યુક્ત આ ઈશ્વર જ છે. તે જગતનું કારણ છે. સમષ્ટિ અજ્ઞાન ઉત્કૃષ્ટ ઈશ્વરની ઉપાધિ હોવાથી તેને સત્વગુણ પ્રધાન માનવામાં આવે છે. વ્યષ્ટિ અજ્ઞાનથી ઉપહિત ચૈતન્યને 'પ્રાજ્ઞ' કહે છે, તેને જ ઈશ્વરની જેમ આનંદમય કોષ, કારણશરીર, સુષુપ્તિ તથા સ્થૂલસૂક્ષ્મપ્રપંચ લયસ્થાન કહે છે. પ્રાજ્ઞમાં અલ્પસત્વ, અનીશ્વરત્વ વગેરે ગુણો હોય છે, ત્યારબાદ તમોગુણ પ્રધાન વિક્ષેપ શક્તિથી યુક્ત અજ્ઞાનથી ઉપહિત ચૈતન્યથી તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે. તેમાંથી જ પંચમહાભૂતોની ઉત્પત્તિ થાય છે. આ સૂક્ષ્મ તન્માત્ત્રાઓમાંથી બે પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. (૧) સૂક્ષ્મ કે લિંગશરીર અને (૨) સ્થૂલભૂત શરીર. લિંગ શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો, બુદ્ધિ, પાંચ કર્મેન્દ્રિયો, તથા પાંચવાયુ ઉત્પન્ન થાય છે. અહીં આકાશમાંથી કાન, વાયુથી ત્વચા, અગ્નિથી આંખ, પાણીથી જીભ તથા પૃથ્વીથી નાકની ઉત્પત્તિ થાય છે. બુદ્ધિ અંતઃકરણની નિશ્ચયાત્મિકા વૃત્તિ છે, તથા મન અંતઃકરણની સંકલ્પવિકલ્પાત્મક વૃત્તિ છે. ચિત્તનો સમાવેલ બુદ્ધિમાં અને અહંકારનો સમાવેશ મનમાં થાય છે. જ્ઞાનેન્દ્રિયો, બુદ્ધિ તથા મન પ્રકાશત્મક છે. તે બીજી વસ્તુઓને પ્રકાશિત કરે છે. જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિ મળીને વિજ્ઞાનમય કોશ બને છે. જ્ઞાનેન્દ્રિયો અને મન મળીને મનોમય કોશ બને છે. પાંચ કર્મેન્દ્રિયો તથા વાયુઓ મળીને પ્રાણમયકોષ બને છે. આ ત્રણેય કોશોના સમુદાયથી લિંગશરીર બને છે. લિંગશરીરની સમષ્ટિથી ઢંકાયેલા ચૈતન્યને 'સૂત્રાત્મા' હિરણ્યગર્ભ કે પ્રાણ કહે છે. અને લિંગશરીરની વ્યષ્ટિથી ઉપહિત ચૈતન્યને 'તૈજસ' કહે છે. જાગ્રત અવસ્થાની વાસનાઓ અને સૂક્ષ્મ સંસ્કાર અને 'તૈજસમાં' રહેછે. આથી આ બંને સ્થિતિને 'સ્વપ્ન' કહે છે. પ્રલયકાળે સ્થૂલશરીર તેમાં વિલીન થઈ જાય છે. તેથી તેને 'સ્થૂલ- શરીર લયસ્થાન' પણ કહે છે. સૂત્રાત્મા અને તૈજસ એ સ્વપ્નાવસ્થામાં મનોવૃત્તિઓ દ્વારા સૂક્ષ્મ વિષયોનો અનુભવ કરે છે.

સ્થૂલ ભૂતોની ઉત્પત્તિ બાદ તે સ્થૂલ ભૂતોમાં તેના ગુણો ઉત્પન્ન થાય છે. જેમ કે આકાશમાં શબ્દ, વાયુમાં શબ્દ તથા સ્પર્શ, અગ્નિમાં શબ્દ, શબ્દ તથા રૂપ તેમજ જળમાં શબ્દ, સ્પર્શ, રૂપ, અને રસ અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ ઉત્પન થાય છે. આ સ્થૂલ ભૂતોથી સાત ઉપરના લોક (ભૂ:, ભુવ, સ્વ:, મહ:, જન:, તપ, અને સત્ય) સાત નીચેનાં લોક (અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ) જન્મે છે. આ ચૌદ લોક, લોકાલોક, પર્વત, પૃથ્વી અને સમુદ્રો મળીને જે બને છે તેને બ્રહ્માંડ કહે છે. સ્થૂલભૂતોમાંથી સમગ્ર બ્રહ્માંડ ઉપરાંત તેમાં રહેતા જરાયુજ, અંડજ, ઉદભિજ તથા સ્વેદજ એ ચાર પ્રકારના શરીર એટલે કે અનુક્રમે મનુષ્ય, પશુ આદી, પક્ષી, સર્પ વગેરે, વૃક્ષો, વેલા, ઘાસ વગેરે તથા જૂ-માંકડ આદિ ઉત્પન થાય છે. સ્થૂલ શરીરની મસષ્ટિથી ઉપહિત ચૈતન્યને 'વૈશ્વાનર' કે 'વિરાટ' કહે છે. તથા સ્થૂલ શરીરની વ્યષ્ટિથી ઉપહિત ચૈતન્યને 'વિશ્વ' કહે છે. આ બંને સ્થૂલ શરીરોની સમષ્ટિ અને વ્યષ્ટિ અન્નનો વિકાર છે તેથી તેને 'અન્નમયકોશ' પણ કહે છે. તે સ્થૂલ વિષયોનો અનુભવ કરે છે. તેથી તેને 'જાગ્રત' પણ કહે છે. વૈશ્વાનર અને વિશ્વ બુદ્ધિ, મન, ચિત

અને અહંકાર દ્વારા સ્થૂલ વિષયોનો અનુભવ થાય છે. આ વેદાંત સંમત સૃષ્ટિ પ્રક્રિયા છે.

જરાયુજ યોનિના બીજા વર્ગમાં મનુષ્યનો સમાવેશ થાય છે. તેનામાં પાંચ કલાઓની સાથે-સાથે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય કોષની સાથે-સાથે આનંદમય કોષ પણ હોય છે. આનંદમય કોષનો વિકાસ પ્રિય પ્રમોદ, આનંદ અને બ્રહ્મથી થાય છે, તેનો સંબંધ કારણ શરીર સાથે હોય છે. પંચકોષો હોવાથી માણસોમાં કર્મોની સ્વતંત્રતા હોય છે. આધુનિક વિજ્ઞાન પણ સ્વિકારે છે કે અન્ય પ્રાણીઓની સરખામણીમાં માણસનું મગજ સૌથી વધારે વિકસિત છે, પરંતુ તે મસ્તકના એક મોટા ભાગનો ઉપયોગ કરી શકતો નથી. વૈજ્ઞાનિકોના મતાનુસાર માણસ પોતાના મગજના માત્ર સાત ટકા ભાગનો ઉપયોગ કરી શકે છે. સામાન્ય સ્થિતિમાં મસ્તકના જે ભાગનો ઉપયોગ કરવામાં આવતો નથી અને તેમાં વ્યક્તિની પૂર્ણતાની અનંત સંભાવના રહે છે. એજ આનંદમય કોશ છે. ભૌતિક વિજ્ઞાન માણસના વિજ્ઞાનમય કોષ સુધી પહોંચી શક્યું છે, તે સ્મૃતિ અને તર્ક શક્તિ વધારવાના રસાયણો શોધવામાં પડ્યું છે, પરંતુ સુષુપ્તાવસ્થામાં પડી રહેલા આનંદમય કોષને જાગૃત કરવા તરફ એનું ધ્યાન ગયું નથી, આથી જ કહી શકાય કે એના માટે તેની પાસે કોઇ ઉપાય નથી. ઋષિઓના અધ્યાત્મજ્ઞાન મુજબ ચાર પુરુષાર્થોથી તથા નિયમિત જપ, તપ અને યોગસાધનાથી આનંદમય કોષને જાગૃત કરી શકાય છે. માનવજીવન છ થી આઠ ક્લાઓ સુધી જીવન વિકાસ સાધી શકે છે. જે લોકોનો વિકાસ પાંચ થી આઠ કલાની વચ્ચે હોય છે તેમનામાં વિશિષ્ટ વિભૂતિઓ હોય છે.

**(બ) ઉપસંહાર:-**

વૈદિક સાહિત્ય, દર્શનશાસ્ત્રો તથા વિવિધ પુરાણોમાં સૃષ્ટિ પ્રક્રિયા તથા જીવ સૃષ્ટિ કે ચેતનાના સ્વરૂપ અંગે ભિન્ન-ભિન્ન મતમતાંતરો જોવા મળે છે. પરંતુ સાંખ્યના ચોવીસ તત્વો જેને પ્રકૃતિ કહેવામાં આવે છે. તે વિશે વિવિધતામાં પણ એકતા છે. પ્રાચીન ઋષિઓએ ચિંતન દ્વારા ચૈતન્ય કે જીવાત્માના રહસ્યોને પ્રગટ કરવાનો સુભગ પ્રયત્ન કર્યો છે. આધુનિક વિજ્ઞાન પણ જીવાત્મા અને પરમાત્માના રહસ્યોને સ્વીકારીને પોતાના સંશોધનનો વિષય બનાવ્યો છે. લૌકિક રૂપમાં એક થી આઠ કલાઓ (ઘટકો) સુધી ચેતનાનો વિકાસ થાય છે. નવ થી સોળ કળાઓ સુધી જેમનો વિકાસ થયેલો હોય તેમને અવતારી શ્રેણીમાં ગણવામાં આવે છે. શાસ્ત્રોમાં દસથી માંડીને ચોવીસ અવતારોનો ઉલ્લેખ છે. દશાવતારમાં શ્રીકૃષ્ણને સોળ કળાથી યુક્ત પુરુષોત્તમ માનવામાં આવ્યા છે. ત્રેતામાં પરશુરામ અને રામ, દ્વાપરમાં વ્યાસ અને કલિયુગમાં બુદ્ધ તથા કલ્કિ અવતારનો સ્વીકાર કરવામાં આવે છે. આ જીવન કે ચૈતન્યના તથ્યોને સ્પષ્ટ કરવાનો હેતુ જીવોની ચેતના સંબંધી વૈદિક જ્ઞાન છે તેને પ્રકટ કરી તેને વૈજ્ઞાનિકતાને અભિવ્યક્ત કરવાનો છે. માણસે પોતાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તપ તથા યોગનો અભ્યાસ મનુષ્યને વિભૂતિવાન તથા પ્રતિભાવાન બનાવી શકે છે. ચેતનાના વિકાસ થકી માણસમાંથી દેવત્વનું નિર્માણ કરી શકાય છે. પ્રાચીનકાળમાં ઋષિઓએ તપ અને સાધનાના માર્ગથી

દાર્શનિક તથ્યોને પ્રકાશિત કરી માનવસૃષ્ટિને આત્મજ્ઞાન કે તત્વદર્શનનો પથ પ્રદર્શિત કર્યો છે.

**સંદર્ભગ્રંથ સૂચી:-**


૧. તૈત્તિરીય ઉપનિષદ : ભાષાંતરકર્તા - શ્રી વાસુદેવ મહાશંકર જોશી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૬૦

૨. પ્રશ્નોપનિષદ : સંપાદક- સ્વામી લોકેશ્વરાનંદ , પ્રકાશક- સ્વામી ધ્રુવેકાનંદ, શ્રીરામકૃષ્ણ આશ્રમ,રાજકોટ, પ્રથમ આવૃત્તિ- ૨૦૦૬

૩. મુંડકોપનિષદ : શંકર ભાષ્ય પર આધારિત: સંપાદક- સ્વામી લોકેશ્વરાનંદ, પ્રકાશક- સ્વામી ધ્રુવેકાનંદ, શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ, પ્રથમ આવૃત્તિ- ૨૦૦૩

૪. શ્વેતાશ્વતર ઉપનિષદ : ભાષાંતરકર્તા - શ્રી વાસુદેવ મહાશંકર જોશી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ, ચતુર્થ આવૃત્તિ-૨૦૦૨

૫. ભાગવત પુરાણ : સંપાદક- દ્વારકાદાસ બી. ભટ્ટ, ગુજરાતી અનુવાદકર્તા- જોઈતારામભાઈ પટેલ, ગીતા પ્રેસ ગોરખપુર, ચૌદમું સંસ્કરણ સંવત-૨૦૭૫

૬. વિવેક ચૂડામણિ : અનુવાદક શ્રી શાસ્ત્રી દેવશંકર દવે, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ, નવમી આવૃત્તિ-૨૦૧૫

૭. સદાનંદપ્રણીત વેદાંત સાર : સંપાદક શ્રી પરમાનંદ સી. દવે, પ્રકાશક શ્રી અશ્વિનકુમાર બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદ.

૮. યુગ શક્તિ ગાયત્રી : સંપાદક શ્રી ડો. પ્રણવ પંડ્યા, પ્રકાશક: યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ મથુરા, વર્ષ-૪૬, અંક-૪, એપ્રિલ-૨૦૧૬

૯. વેબ સાઇડ : WWW.sanatanjagruti.org